# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

## દ્વિતીય વર્ષ અભ્યાસક્રમ-૯

ફેબ્રુઆરી

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં અભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ નદીઓ લઘુ હિમવંતની ઉપરના...................... માંથી નિકળે છે.
૨. અવિધિએ કરવાને બદલે સામાયિક ન જ કરવું તે ભલું એવું બોલવું................. છે.
૩. જે કર્મના ઉદયે જીવનું શરીર અનુષ્ણ હોય છતાં તે ઉષ્ણપ્રકાશને આપે છે તે .................... છે.
૪. તેમના ગુણોને સાંભળનારી આ સભા પણ મારી ઉપર......................... કરો.
૫. આ...................... માં પ્રવેશ સામયિક વ્રત વ્દારા થાય છે.
૬. .................... ક્ષેત્રમાં સીતા અને સિતોદા નદીઓ મુખ્ય છે.
૭. .................... ની સાધનામાં લાગી મળેલા ભવને સફળ બનાવવા પુરૂષાર્થ આદરે.
૮. ધર્મતત્વને જાણનારા શ્રાવક ઘરના બધા સદસ્યોને એકત્રિત કરી................. આપે છે.
૯. આત્માની................... પ્રાપ્ત કરવા માટે શુદ્ધિ જાળવવી અત્યંત આવશ્યક છે.
૧૦. પર્યાપ્તિઓને પૂર્ણ કર્યા બાદ મૃત્યુને પ્રાપ્ત કરે તેને .................... જીવ કહે છે.
૧૧. આ વેદપદોનો વિચાર કરીને.................... ના અસ્તિત્વનો સ્વીકાર કર.
૧૨. જે કર્મના ઉદયથી સર્વ ભોગ સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં પણ જીવ ભોગવી ન શકે તે .................કર્મ છે.
૧૩. અવંતી સુકુમાલ આદિ ધર્માત્માઓને ..................સાંભળવાથી જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું હતું.
૧૪. પાપસહિત વ્યાપારના પરિહારને .................. કહેવાય છે.
૧૫. પોતાની આત્મા ઉપર.................... રાખવું અત્યંત કઠિન અને દુષ્કર છે.
૧૬. રૂપના અનુસારથી પોતાપણું બીજાને જણાવવું તે ચોથું................... નામે અતિચાર જાણવું.
૧૭. જે કર્મના ઉદયથી સર્વ લોકોને માન્યવચનની પ્રાપ્તિ થાય તે.................. છે.
૧૮. સંપત્તિ વિરાસતમાં મળી શકે છે. પરંતુ જ્ઞાન .................... થી પ્રાપ્ત થાય છે.
૧૯. દિવારને પીઠ ટેકાવી બેસવું તે ................... અતિચાર જાણવું.
૨૦. જીવ પોતાના વિકૃત શરીરના અવયવોથી પોતે જ દુઃખી થાય, હણાય તે ................... નામકર્મ છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. બ્રાહ્મણ કુળનું ધન શું છે ?
૨. પોતાની આત્મા ઉપર કાબુ મેળવવો તે શું છે ?
૩. પોતાની શક્તિ સામર્થ્યનું બળ ફોરવવાનું મન ન થાય તે કયું કર્મ છે ?
૪. સાધુતાની સીડી પ્રાપ્તિ માટેની કઇ છે ?
૫. સામાયિક કરતાં મનમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરે તે કયું અતિચાર છે ?
૬. ભરતક્ષેત્રના ઉત્તર, દક્ષિણ બે વિભાગ કોણ કરે છે ?
૭. આલોચના લેવાથી શું હળવું થાય છે ?
૮. શ્રી અજિતનાથ તથા શાંતિનાથ ભગવાન કયા બળથી મહાન છે ?
૯. વૃદ્ધા શ્રાવિકા મૃત્યુપામી દેવીરૂપમાં કયાં ઉત્પન્ન થઇ ?
૧૦. કયા કર્મના ઉદયથઇ આઠ મહાપ્રતિહાર્યાદિ અતિશયોની પ્રાપ્તિ થાય છે ?
૧૧. શિષ્યસંતતિની પરંપરા આગળ કોની નહીં ચાલી ?
૧૨. વાસના વિકારની ઉત્તેજનાને કોણ શાંત કરે છે ?
૧૩. શું આવે તો જ સામાયિકની સાચી સફળતા છે ?
૧૪. ક્રોધ, ત્યાગનો ઉપદેશ પોતાના પિતાને કયા શ્રાવકે આપ્યો ?
૧૫. શ્રાવક જીવન શેનાથી શોભાયમાન બને છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) પત્તેઅં ૨) નઇઓ ૩) જઇ ૪) જયવર ૫) સહસ્સ ૬) દુહુચ્ચ ૭) વાણવાસિઆ ૮) સીઓયા ૯) જમુસિણ
૧૦) નિઅ ૧૧) અવિસાયં ૧૨) સવ્વનુણા ૧૩) વરંકિયા ૧૪) સિરાઇ ૧૫) સલિલા ૧૬) તિત્થેણ ૧૭) દાયયા
૧૮) સુહસુણી ૧૯) વિદુહા ૨૦) મોએઉં.

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) સૂત્રધાર | ૧) શરીરસત્કાર | ૬) વિજ્ઞાનઘન | ૬) મંદરગિરિ |
| ૨) અકરણનામા | ૨) પરલોક | ૭) સીતા | ૭) નિર્માણામકમ |
| ૩) અશ્વ | ૩) કેસરીદ્રહ | ૮) આવકાશ | ૮) સ્મૃતિવિહીન |
| ૪) ઢંઢણમુનિ | ૪) અભ્યંતર તપ | ૯) અવ્યાપાર | ૯) લાભાન્તરાય |
| ૫) કુઘટ | ૫) ગમનાગમન | ૧૦) સ્વાધ્યાય | ૧૦) નીચગોત્રકર્મ |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. નરકાન્તા અને નારીકાન્તા આ બે નદીઓ કેટલી નદીઓની સાથે અનુક્રમે લવણસમુદ્રને મળે છે.
૨. સામાયિક એ કેટલી મિનિટનું સાધુપણું છે ?
૩. એક ઉપાવસની બરાબરીમાં કેટલી ગાથાઓનો સ્વાધ્યાય શાસ્ત્રકારોએ જણાવ્યું છે ?
૪. અજિત, શાંતિ સ્તવ ની બત્રીસમી ગાથામાં કેટલા શુભચિન્હો અંકિત કરવામાં આવ્યા છે ?
૫. શય્યા ઉપકરણ સહિત કેટલા હાથ લાંબી હોવી જોઇએ ?
૬. નિર્માણ નામકર્મનું વર્ણન કયા નંબરની ગાથામાં કરવામાં આવ્યું છે ?
૭. શ્રી મેતાર્યસ્વામીએ કઇ ઉમરમાં ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો હતો ?
૮. નીચ ગોત્ર કર્મના કેટલા ભેદ છે ?
૯. સીતા અને સિતોદા નદીઓ બન્નેનો મળી કુલ કેટલી નદીઓનો પરિવાર છે ?
૧૦. ફક્ત દિવસ અને ફક્ત રાત્રિનો પૌષધ કેટલા કલાકનો હોય છે ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. બીજાઓ પર ઉપકાર ન કર્યો હોય છતાં સૌને પ્રિય લાગે એ આદેય નામકર્મ છે.
૨. વિજ્ઞાનઘન ઇત્યાદિ વેદપદોનો અર્થ ખોટો કરી રહયા હતા મેતાર્ય પંડિત.
૩. ધર્મદાસ શ્રાવકને ગૃહસ્થપણામાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.
૪. અભ્યંતર ક્ષેત્રમાં મહાવિદેહ ક્ષેત્રનો સમાવેશ થાય છે.
૫. શરીરની શુશ્રુષા એટલે શોભા કરવાનો પરિહાર કરવો તે શરીર સત્કાર પૌષધ જાણવો.
૬. ભકિત રહિત બની સામાયિક કરવું તે કાયાનો દોષ છે.
૭. જે કર્મના ઉદયથી જીવનું અનુષ્ણ શરીર ઠંડો પ્રકાશ કરે છે. તે ઉદ્યોત નામકર્મ છે.
૮. પૂજ્ય અજિતનાથ અને શાંતિનાથ ભગવાને તપથી સર્વ પાપોને દૂર કર્યા હતા.
૯. જે કર્મના ઉદયથી બીજા ઉપર ઉપકાર ન કરવા છતાં સૌને વહાલો લાગે તે દૌર્ભાગ્યનામ કર્મ છે.
૧૦. સ્વાધ્યાય એ શ્રુતસાગરની ભક્તિ છે.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. પર્યાપ્ત નામકર્મના ઉદયથી જીવ પોતપોતાની પર્યાપ્તિઓ પરિપૂર્ણ કરે છે.
૨. આ બે નદીઓ પણ વૈતાઢય સાથે ઐરાવત ક્ષેત્રને છ ખંડમાં વિભાજીત કરે છે.
૩. અનાગત પ્રાર્થ્યા એટલે હવે પછી હું અમુક કાર્ય છે તે એવી રીતે કરીશ.
૪. અસદ્માર્ગથી આત્માને પાછો વાળે છે.
૫. જેમનાં કર્મરૂપ રજ તથા મળ નાશ પામ્યા છે.
૬. જે કર્મના ઉદયથી અનંતાજીવ ભેગા મળે પણ એકજ શરીર મળે એવા સુક્ષ્મશરીરને (આંખોથી) જોઇ ન શકાય.
૭. તેઓ સાચા સાધુ અણગાર બન્યા અને દશમા ગણધર પદે વિરાજમાન થયા.
૮. આવા સમયે આપણે પ્રમાદ કરીએ એ યોગ્ય ન જ ગણાય.
૯. શિક્ષાવ્રત લેવાથી સર્વવિરતિ તરફના ભાવ મજબુત બને છે.
૧૦. આ કાલમાં દીક્ષા અને સામાયિક જે છે તે અભ્યાસ માત્ર છે.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. તીર્થંકર નામકર્મ  ૨) પૌષધવ્રતના ભેદ  ૩) સામાયિક વ્રતની મહત્તા
૪. સ્વાધ્યાય કેવી રીતે કરવું જોઇએ  ૫) દેસાવગાસિક વ્રતના અતિચાર કયા છે ? કોઇ એક વિષે સમજાવી લખો.

**જ્વાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com